(૫૬)

તા. ૫/૭/૨૦૧૯ શુક્રવાર ફુલછાબ

# જામનગરમાં સોમવારે કેન્દ્રીય બજેટ અંગે સેમિનાર

## અમદાવાદના કરવેરા નિષ્ણાત માર્ગદર્શન આપશે

જામનગરઃ જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, જામનગર બ્રાન્ચ ઓફ ડબલ્યુઆઈઆરસી • ઓફ આઈસીએઆઈ, ધી કોમર્શિયલ ટેક્સ પ્રેક્ટીશનર્સ એસોસીએશન તથા ઈન્કમટેક્સ પ્રેક્ટીશનર્સ એસોસીએશન, જામનગરના સંયુક્ત ઉપક્રમે જામનગર ચેમ્બર ખાતે કેન્દ્રીય બજેટ (૨૦૧૯-૨૦૨૦) અંગે એક માર્ગદર્શક પોસ્ટ બજેટ સેમિનારનું આયોજન આગામી તા.૮ સોમવારના રોજ સાંજના ૪ કલાકથી ૬-૩૦ સુધી ધીરૂભાઈ અંબાણી વાણિજય ભવન, જામનગર-રાજકોટ હાઈ વે, સુભાષબ્રિજ નજીક, જામનગર સ્થળે કરવામાં આવ્યું છે.

વર્ષ ૨૦૧૯-૨૦ માટે કેન્દ્રીય નાણાંમંત્રી દ્વારા આગામી તા.૫ના રોજ બજેટ રજૂ કરવામાં આવશે. જે બજેટની સંપૂર્ણ માહિતી અને માર્ગદર્શન આપવા માટે આ સેમિનારમાં ગુજરાતી વક્તા તરીકે અમદાવાદના જાણીતા વક્તા અને કરવેરાના નિષ્ણાંત જીગરભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહી બજેટ ૨૦૧૯-૨૦ અંગે વિશ્લેષણ કરી છણાવટપૂર્વક માર્ગદર્શન આપશે. જીગરભાઈ પટેલે ન્યુ યોર્ક સ્કૂલ ઓફ લો માંથી પોતાની કાયદાની ડિગ્રી મેળવેલ છે અને અમેરીકામાં ન્યુયોર્ક યુનિવર્સિટીમાં ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ લીડરશીપ એવોર્ડ મેળવનાર પ્રથમ ભારતીય છે.તેઓ વિશ્વ વિખ્યાત કંપનીઓના સલાહકાર તરીકે કાર્યરત છે. ઈન્કમટેક્સ અને કોર્પોરેટ ટેક્સ વિષયક પર અનેક ગુજરાતી અને અંગ્રેજી પુસ્તકોના સહલેખક રહેલા જીગરભાઈ પટેલ પ્રથમ વખત જામનગરમાં પોતાનું વક્તવ્ય આપશે.